મદન માલતી

રચનાર

ચુનીલાલ પરશોતમદાશ

છપાવી પ્રસિદ્ધ કરનાર

સુરત ગુજરાતી નાટક મંડળી



(આવૃતી પેહેલી પ્રત ૧૦૦૦)

સુરત.

"ધી રાઈઝીંગ સ્ટાર" પ્રીન્ટીંગ પ્રેસમાં ગંગારામ

આત્મારામ પંડીતે છાપી.

સંવત ૧૯૫૦ સને ૧૮૯૪

કીમત બે આના

મદન માલતી નાટકના
ગાયનો

૧

જશ પામો ફતેહ થાઓ સદા અચળ રહો રાજ.
રાયસીંહ માહારાજા ધીરાજા સત્ય ન્યાયથી સર્વે કરો
છો કાજ—ફતેહ.
ગરીબ ભીખારી ધુતારાને વળી લોભી ચોર શાહુકાર
બળવા ખોરને ખુની સર્વે પર એક સરખીછે નજર
સદા સત્યથી વર્ત્તો અખંડ રહો તાજ—ફતેહ.

૨

હીલ મીલ પ્રેમે નાચો ગાઓ સઉ આનંદ હેલીરે,
શું રંગ ભુમિ લાગેછે સુંદર દીસે હરીઆળીરે.
તક તક તક થૈ ઈ ઇ ઇ ઇ ઇ ઇ
ઝુમ છનનનન હાં—શું રંગ.
દીમ તદીઅનં દીમ તદીઅન તા ત્રક તોમરે
ત્રક ધીન ધીના નાત્રક તીના તાક કીડાનકરે
કીટીનક ત્રક ધા, આ આ આ આ આ આ
સુમ સનનનન હાં— ત્રક ધીન

૩

કુરસીંહ રાજા લશ્કર લઇને આપણા મેહેલ પર આવ્યાછે,
શેહેર માંહે હડતાલ પડીછે, ઘેરીને મન ફાવ્યાછે
લુટે હાટને બજાર પ્રાણ લીધા કાંઇક અપાર
નગ્ર ત્રાહે ત્રાહે થાએ કરો ના વિચાર
કુંવર રાણીનું શુ થાશે મારી નાંખે ઠાર.

૪

મચાવો જંગ મચાવો થાઓની સઉ તૈયાર
ચડાવો તીર કમાન ભાલા બરછી કટાર
ભાલા ભોંકો ભચભચ લો શત્રુઓના પ્રાણ
મારો ભરી બંદુક ખુબ તાંકીને નિશાન
જીતી લઓની શેહેર મુકો જરા ન શુર
હઠાવો દુશ્મનને કરો નાંખો ચકચુર
વેહેવડાવો લોહી નદી કાપો સૈન્ય તમામ
રીબો રીબી મારો પોંહોચાડો જમને ધામ
રાજા જો આવે હાથ ન મારી નાંખો ઠાર
કરીનો કેદ જઇ રાણી સોંપજો દરબાર

૫

હોશીઆર રેહેજો ખબડદાર રહેજો
હટો ન મારા શુરવીરો ખોલોની તરવાર
કોઇને ભાલા કોઇને બરછી કોઈને કટાર
તોડોની મેહેલ દ્વાર તમે જાઓની અંદર
પકડો રાણી લુટો ખજાનો ન રાખો જરા ડર

૬

અરે શું કહું તમને વાત સ્વપ્નું થયું મુને ન કહેવાય
અરે કહેતાં લાગે હાય, અરે હાય, હાય—અરે
અરે મને અને પ્રાણપતિને કેદજ કરી રાજા લઈ જાય
આગે કુંવર તમારી છાંય—અરે હાય, હાય—મારો.
તમો લઇને નાઠાં દુર લાગી ભુખ શું ઉપાય
હાર કુંવરનો વેચવા જાય—કેદ થાય,હાય—હાર.
મારો કુંવર ભુખે મરે પછી શું કરે માંગી ભીખ ખાય
કહે ભીખારી ગામ માંહે, અરે હાય, હાય—કહે.

૭

ભાઇ સબુરી રાખો દીલ કલ્પના ન રાખો ઉર

ચિંતા તજો આવાર, કુંવર માથે ભાર વહી ગયો દુર-બાઇ
તનમા, મનમાં, રાખો ન જરા, થાઓ ન અધીરા,
અમર વીરા કરશે કામો શુર—બાઇ.

૮

જો જોની દાસી જોની આ લશ્કર કેમ આવ્યું,
જો જોની એતો દ્વાર તોડે એ તે શુ ભાવ્યું
અરે દ્વાર તોડી આવશે પછી જઇશું ક્યાં,
તું જલ્દી કાંઇ ઉપાય કર આવી પોંહોંચે તે હયાં
પ્રભુ ક્ષમા કરો મા'રી, કુંવરને લ્યો ઉગારી
બાળ તારાં દુઃખી થાય શું ભાવ્યું
ઓ સ્વામી મારા આવો, આ શત્રુથી છોડાવો
સબુરી રાખો આપણું લશ્કર આ આવ્યું

૯

શું જુઓછો શુરવીરો પકડો બાંધો આવાર
નિર્લજ દુષ્ટા દગે પકડયાં, ગુમાવ્યું તુજ હીર
આ ગરીબ ઉપર દયા કરોની દુઃખી ન કર શુરવીર
છોડ છોડ તારીરે લવારી કરીશ તુને ઠાર—શું
ઓ કાયર તું શું રાખે દીલમાં ધીઃક જનેતા કુખ
દશા થઇ શું ઓ કુંવર મા'રા દેખીશ કયારે મુખ
શાને ખોટી અત્રે થાઓ લઇ જાઓ મારતાં માર—શું

૧૦

જુઠું શામાટે બોલે જવાબ દઇશ શું
વેચવા માટે આવી અત્રે હું
ચુપ લુચ્ચી ઝાઝી બકવા ન કરતું
છટ છટ, ફટ ફટ, દુર દુર દુર—જુઠું
કીમત તારે મારે નક્કી થઇ
તારી ધાનત આ હાર ઉપર ગઇ

હાય ઇશ્વર આ દુઃખ જઇ કો'ને કહું—જુઠું
સત્યનો બેલી સર્વજ્ઞ તું છે
તારો બેલી મને કરવાનો શું છે
જા જા, દુર થા થા ક્રુર ક્રૂર ક્રુર—જુઠું

૧૧

અરે ક્રુરરાય કરે કેદ શું, જવાબ શું દઇશ પ્રભુને તું
ખરા ન્યાયથી મુજને ઇનસાફ તું કરે
નિશ્ચે હાર એ માહેરો એ તેનો નહીં ઠરે—અરે
મિત્ર સહેલી કુમુદા, અવસ્થા બુરી થઇ
તારા મનમાં શું હશે હાર વેચી નાસી ગઇ-અરે
તુજ સહેલી કેદમાં અને ગયું વળી ધન
સત્ય આડું આવશે રાય ખચ્ચીત જાણજે મન અરે

૧૨

ચાલો ભાઈ ના નથી કહેતી—હાય
નાહક જુલમ મુજપર છે, આહા ઇશ્વર તુજ આધાર છે
જાઉં છું આવાર—ચાલો
રાજય કુળમાં હું હતી, રાય વાપરી કુમતિ, કીધી
મારી બુરી ગતિ
ચાલોની આવાર—ચાલો

૧૩

ઇશ બુરી ગતિ થઇ હમારી, તમો વારે આવો
મોરારી ઓ મોરારી
આ બંધીખાનામાં રેહેવું, દુઃખ કર્મમાં કયાં સુધી સહેવું
તું બચાવ દુઃખથી ઉગારી—ઓ મોરારી.
નિરાધારોના દુઃખ ધરીને, સાહે થઓ પ્રિત કરીને
દુઃખ સાગરથી લ્યો તારી—ઓ મોરારી.
સુવું ભોંય પડછે હમને, કેમ પ્યારૂં લાગેછે તમને

સેજ પલંગ ન જાય વિસારી—ઓ મોરારી.
કુંવરની શી ગતિ થાશે, ફુલ તણા દિવસ કેમ જાશે
લાગે તેનું દુઃખ ભારી—ઓ મોરારી.

૧૪

રાજા રાણી ગભરાઓ ના, કુંવર સુખી તુળજાપુરીમાં
સાથે દાસી કુમુદા જે, રક્ષા કરેછ તેની તે
કુંવર ઉછરી મોટો થશે, થઇ રાજાને દુઃખ ભાંગશે
કોઈ વાતે ચિંત્યા નવ કરો, એકજ ધ્યાન તમારૂં ધરો.

૧૫

એ લોક ઉંચ જાતછે નીચ કુળના નથી,
છોકરો હતો જે સાથ તે બાઈનો નથી, તે બાઇનો નથી.
નુર તેનું જોયું મેં, કોઇ રાજ્યકુંવરછે,
વખાના માર્યા ગામ મધે આવી રહયાછે, આવી રહયાછે
ક્ષમા કરોની મુજને, ગુન્હો નથી કીધો,
એ બાઈની અવસ્થા પુછી પાર મેં લીધો, પાર મેં લીધો.

૧૬

કુંવર તું સુઇ જા બાળુ આવીઓ
કુંવર ઘણો ડાહ્યો, પાટલે બેસી નાહ્યો
પાટલો ગયો ખસી માસીઉઠી હસી
હતરે બાળુ—કુંવર.
વીરા કાકાનો કાલો, ભાઇ મામાનો વહાલો
મામા જજોની ગામ, વીવાહ કરજો રૂડે ઠામ
હતરે બાળુ-કુંવર
ભાઇ મારો ભમતો, આખી શેરી રમતો
છોકરાં બોલાવે દેવ, આપું ઓસાવી સેવ
હતરે બાળુ-કુંવર

૧૭

શાને રડેછ ગભરા નહીં ઓ કુંવર મારા
શાને રડેછ ગભરા નહીં

રડવું મુકી વીરા તું થઇ માંગ પોષાણુ આ બેટા તારા.
૧૨ તારા પોષણ માટે હાથ ઇલાજ નથી કાંઇ મારા-શા
સચરાચર તારી વિનતી સાંભળી, આપે પોષણ આ
વીરા તારા—શાને રડેછ.
જગતનિયંતા કૃપા કરોની, રક્ષા કરો આ ફુલ તારા-શાને

૧૮

બોલો રમત રમવી શું (૨)
લખોટા ભમરડા ગેડીને દડા
કાંઇ પણ રમવું—બોલો
ચાલોની થોડે દુર, આવ્યું નદીમાં બહુ પુર
જણાશે સઉનું શુર (૨)—બોલો

૧૯

મહારાજ તમારો જય થાઓ પ્રધાન પણ હોંશીઆર,
પુત્ર તમારો બુધ્ધિસાગર, કુલક્ષણા ઘર મોઝાર
વળી તમોને એક પુત્રી વિખા જેનું નામ,
તે પરણશે રાજકુંવર, રાયગઢમાં મુકામ.
હાલ થઇ માડી અવસ્થા પાછળથી બળવાન,
ઘણા ઘણા તે ઘાવ સહી નથી ભોગવે નિધાન.

૨૦

આ શું આફત આવી મારે . એ પ્રભુરે
જાઉં રે હાય હવે કયાંરે, હો મન, અરે હાય, હાય, હવે કયાંરે
કોણ જમાઇ થાય, ભીખારીને પુત્રી જાય હાય
એકું ગામનું ખાય—હો મન, અરે હાય-હાય-હવે કયાંરે
સસરો થાઉં કેમ એહનો, નીચ કુળ અવતાર
જમાઇ થાય જો માહેરો, મારી નાખું ઠાર.

૨૨

પ્યારા પિતા કેમ આવું બોલો, કઠણ હૃદય તમે નાહક બોલો

શીદને શબ્દ કાહાડોછો એવાં, લાગે મુને દરીઆ તણી છોળો
દેશવટો તમે થો ના મુજને, બીન ગુન્હે તમે આરોપ મુકો ૪૦

૨૨

કરો વિચારી કામ, મને છોડાવો ધામ, નહી રહું આ ઠામ
જયાં સુધી કહો
પ્રભુ રાખે જયાં, હું રહીશ ત્યાં, ફરી આવું ન ત્યાં આપ બેઠા રહો
ખોટો આરોપ મુકયો, ક્રોધ પ્યાલોપીધો, દેશવટો દીધો
હું જઇશ જરૂર
થશે કર્મ આધીન રહું સુખે તમ બીન, બુધ્ધિ થઇછે હીન
કર્યો વિચાર કુર
તમો જાણો નહીં તન, દયા નથી કાંઇ મન, તમો સંગ્રોહની
ધન, પ્રભુ કોપથી ડરો
પ્રભુ મુકું વતન, તમો કરજો જતન, છઉં અપરાધી તન
સાહે સદા કરો.

૨૩

માડી મારી પ્રાણથી પ્યારી, શું દુઃખીઆરી, આવ્યું છેભારી,
કહો મુને આવાર
એવું શું પડયું તુજ પર દુ!ખ કહે, હાય, હાય હાય,
મન અકળાય, જીવ મુઝાય, લાગું પાય, કહે મુને આવાર

૨૪

પુત્ર મારા દુઃખી હું થાઉં, કોઇ વાતે મુઝાઉં, દીલમાં સમાઉં,
તું છે નાહનો બાળ
દુઃખ પડયું છે મોહટું મુજ પર નહીં કાપી શકાય હાય હાય હાય
વય પુખ્ત તું થાને, ભાંગીશ જોને, "માની લઓને કહુંછું આવાર

૨૫

માડી કહું ખાતરે
રાત્રીએ મુને સ્વપ્નું આવ્યું

આવ્યો પુરૂષ મુજ સામું ઉભો થર થર કાંપુ અને અકળાય—માડી
ઉઠો ઉઠો રાજા થાઓ, તખ્ત પર બેસી જાઓ
રાજ કરો દુઃખ હરો, છત્રપતિ કહેવાવો
મોટી મોટી લડાઇ જીતી જશ તમારો થાઓ
પેહેરાવી પોષાક મુને તખ્ત પર બેસાડયો
જોઉં આંખ ઉઘાડી તો કાંઇ નહીં રે—માડી

૨૬

મા, મા, મારી તું કયાં ગઇ, અદ્રશ્ય આંખોથી કેમ થઇ
છળું છું, બીહું છું, આવની, બોલની.
આ રાક્ષસો કેમ ઉભાછે, નાગી તરવાર કેમ કરીછે
બોલો, બોલો, લાવ્યા, આવ્યા,
ભાઇઓ તમો મુજને સાચું કહો, નાગી તરવાર બંધ કરી દ્યો

૨૭

માન, માન (૨) કૃપાળુ, દયાળુ, માયાળુ, છાંયાળુ—માન
નાહક લેછે પ્રાણ, મુજને ઉગાર
લઇશું તારો જાન, થાની તું તૈયાર
કરવું, ભરવું જગતને શીર· લાલચને ચીર, ક્રોધનોથા ધીર,
કર વિચાર, નહીં તો માર નર્કવાસી થાશો આપ ભુલો ભાન

૨૮

સબુર, સબુર, સબુર, સબુર, ના ડરાવ તું મને.
ખોટા ધોકા તું કરે, નહીં આ બાળ ડરે
ધરતી ઉલટ ફરે, હટજા, હટજા, હટજા, હટજા—ના.
તરવાર કરોની મ્યાન, નહીંતો થાશે જાણ
તારો કે મારો ન પ્રાણ, ધીરજા, ધીરજા. ધીરજા, ધીરજા-ના
જાની તું પાછો ફરી, નહીંતો જાશે મરી
દુષ્ટ જા કાળું કરી, દુરથા, દુરથા, દુરથા, દુરથા,-ના

૨૯

હું આપું મારૂં શીર તને જુદું કરી
સાચાને આંચ આ જીંદગીમાં આવશે નહીં
ખુશીથી બોલ્યો કેમ હવે સમજી કરી
લઇશ હું માથું તારૂં આ તરવારે વતી
છું તૈયાર
ચુપ, ચુપ.
ન કર વાર
ચુપ–ચુપ
પ્રભુ આવો કરો વાર
ચુપ ચુપ ચુપ.
આપ શીર
થોભ થોભ
રહે થીર
થોભ થોભ
છોડયો મુને કેમ અધીરે
મારૂ મારૂ મારૂ

૩૦

હાલો ભાઈ હાલો ભાઈ હુ કરો વિચાર અહીં
બાયડી બેઠીસે તહીં સોકરાં નાઠાંસે કહીં
મારેસે જુતીનો માર નથી કરતી વિસાર
સોકરાં કરે વિસાર, બાપા માર ખાય અપાર
આ ઉકડા જીવા, પુછેતો હુ કહેવા
ગયા તાડી પીવા
ના મારહે તને જશ હમે ખાનગી મળી હુ જઈએ

૩૧

પ્રિય ભાભી વરૂં સ્વામીને લાયક મન
નહીં જોઇએ બ્રાહ્મણને કદ રૂપાળુ તન—પ્રીય.
નહી જોઇએ ઉમ્મર ઝાઝી મેરૂ લજી
મોજી શોખી તે મુજ સરખાન રાખે મન—પ્રીય.
મળે જોડું પુરૂષને નાર સરખા આકાર
કજોડું પાડે માબાપ જોઇ તેનુ ધન—પ્રીય.

૩૨

એક વખત એવું બન્યું, કે જોષી સાં ઉંધુ થયું
બ્રાહ્મણને બોલાવીઆ, જમવા ઘર મોઝાર
ભીખારીનો છોકરો અવી ચડયા તે દ્વાર
ત્યારે બ્રાહ્મણોએ કહ્યું, જમાડો પહેલા પછી જમશું—એક
કારણ તેમને પુછયું સઉ બોલી ઉઠ્યા
જમાઇ થાશે તમ તણો સાંભળતાં રૂઠયા
બે'ની આવો બનાવ બન્યો, એકદમ દેશવટો દીધો—એક.

૩૩

ભીખારી સ્વામી થાય—હાય—હાય
ઝેર પાઓ આ સમે કે મોત મારૂં થાય
માર, ઠાર, ચાય વાર, ન જગતમાં રહેવાય—ભીખારી

૩૪

ઇશ્વર તુને થાય—સહાય—સહાય
જન્મ મરણ પરણ એ તો કોઇથી ના કહેવાય
ખાન, પાન, ધર્મ, સ્નાન કરોની સદાય—ઇશ્વ

૩૫

આ વનમાં સુજ પડતું નથી રે હાય
નિહાળું નજરે ગીચ ઝાડી બીજું ન સુઝે ભાળું જ્યાં
આવીને, હસીને, રહીને, વસીને,,

સુજે ન કાંઇ મુને માર્ગ હ્યાં—આવનમાં
શા કારણથી નાઠાતે હતા જે સાથી સાથ
બેલી મારો કોઇ નથી, તુટીમારી બાથ
રક્ષા કરો તમ માહેરી' સુજે ન માર્ગ કયાંઇ
શો દશા મારી થઇ, મુકત કરો સુખદાઇ

૩૬

કોણ કુંવર તુંતો અહીં પડયોછે શુંછે તારૂં નામ
શું સકટ આવ્યું તુજ માથે સુતો આવી આ ઠામં
ઉઠની,–ઉઠની,–ઉઠની,–ઉઠની તુ મુકત થા બેભાન
આ અઘોર જંગલમાં વાઘ વરૂ નો રહેછે મુકામ
વળી લોહી વહેછે હસ્ત તારા, કોણે કર્યા હંગામ
ઉઠની ઉઠની ઉઠની ઉઠની તું છોડી દે આધામ.
વળી ઝાઝો વખત રહેવાથી જીવ જોખમ થાશે જાણ
કો વાઘ વરૂ સિંહ આવશે તુજ મા'રૂ કાઢે કામ
ઉઠની ઉઠની ઉઠની ઉઠની ત્વરા ચાલો મુકામ

૩૭

આમ ઠાલી શીદ ડરાવે મને ધિક્કછે જનેતાને
મારો મારો સુખે મારો, કો દિન આવશે વારો મા'રો
નિશ્ચે પ્રાણ લઇશ હું તારો—આમ
તમ સરીખા શુરવીર બળવાન આ જગમાં મુજ જીંદગીમાં મેં
નવ દીઠા મેં નવ દીઠા
છોડ છોડ તારો મમત, તારા મનને થાય ગમત, રાખ
ના તું ખોટી હિંમત—આમ
આમ રાજા જેવાં ડાળો ઘાલી શમશીર ભાલા બરછી બાંધી
પોતે રાજા કહાવોછો, જાઓ જાઓ હ્યાંથી જાઓ સ્ત્રીઓમાં જાઓ
રાજા થાઓ, માનવના ન રાજા કહાવો, મન ધરાવો બાઇ
કહાવો, શું રાખો ગુમાન, ખબર નથી નામ ઠામ હું છઉં તમથી

તણુ; કહો શીદ લાઓછો પ્રાણ, જાઓ જાઓ પંથે પડે
નાવો ના ડરાવો ફને—આમ.

૩૮

કાઢ મોંમાંથી વિચારી; વેણ કાઢ મોંમાંથી વિચારી
કોણ મારે, મુખ કાઢે, નથી મારવા આવ્યો હું તને
રાય છઉં ધારા નગ્રી, તણો હુ ધારસીંહ છે મુજ નામ
શિકાર કારણ આવ્યો અત્રે, દીઠો તને આ ઠામ
રાજ્ય આપું, પુત્ર સ્થાપું, ચાલ સાથ મારી રાખ દીલમાં હામ.

૩૯

છે મદન મુજ નામ, કુંદનપુરી ઠામ, પિતા કોણ નથી ખબર
જનેતા કુમુદા, મુકી ગઇ વિખુટા, સંકટ વિત્યું મુજ પર
કહું આવાર-કો દુશમને કર્યું કામ
જનેતા મારી, શું વિચાર કરી, મુને લાવ્યા આ ઠામ.
કર્યો આગ્રહ અપાર, સઉએ કર્યો વિચાર જીવતો મુકીને ગયાં
આંગળી કાપી, લીધી ઘા કરી, કષ્ટની સુતો ત્યાં
આપ આવ્યા—મને મારી નાંખે ઠાર
ગુન્હો ક્ષમા કરો, દીલ રહેમ ધરો, અપશબ્દ બોલાયાં અપાર

૪૦

પ્રભુ નાથ ગયાછે શિકારે, તમો ધાજો તેની વારે
હજુ આવ્યા નથી પાછા ઘેર. તમ બાળ ઉપર કરો મહેર
અબળા નારી કયાં જાઉં સ્વામીને શોધી લાવુ
તમો સાહે થાઓ ત્રિપુરારી, સ્વામીને મોકલો ઉગારી
જેમ જળ વિન મીનજ તલપે, મારૂં હૈયું બળેછે ભડકે
થઇછું અધીરી તમ કુંવરી, તમે સાહે થાઓ ત્રીપુરારી

૪૧

પિતા મુજને ગાદી બેસાડો રાજ્ય ચલાવું. સ ન ન ન ન નં
અશ્વ બેસી ફરવા નીસરૂં અશ્વ દોડાવું. થ ન ન ન ન નં

લશ્કર જો દુશ્મનનું આવે બંદુક ફોડું ધ ન ન ન નં નું
બરછી ભાલા તીર તરવારો. દેખું મારૂં ખ ન ન ન ન ન
પિતાજી મુને તાજ પેહેરાવો
માતાજી મુને આશીર્વાદ આપો
ભરો દરબાર, ન કરો વાર, છત્રપતી થઉં

૪૨

પ્રિય માતુ પુછોછો નામ ઠામ
મદન નામ કનક ઠામ, કુમુદા મ તુ નામ
મુજ પર વીત્યું સંકટ કંઇ ભારી ભારી ભારી
દુષ્ટ ચંડાળે જનેતા મુજ મારી મારી મારી
બાદ જે ગુજર્યું મુજ પર સઘળી છે ખબર,
ઉંચકી લાવ્યા, જંગલ આવ્યા, મેં ડબાવ્યા, છોડી ચાલ્યાં,
હું હતો બેભાન, પિતા આવ્યા તે ઠામ
તન મન ધન અર્પ્યું મુને—પ્રિય.

૪૩

પડે ન મુને ચેન કાંઇ—આંહી આંહી—હાય હાય
આ બીઆબાન રાનમાં, મદદમાં કોણ હાય
ન સુઝે માર્ગ જાવું જયાં કયાંહી–કયાંહી–થાય થાય થાય
વેરી થઈ જનેતા મુજ, દયા ન દીલ જરાય—પડે
સંકટથી ઉગાર, તું છાંય છાંય (૨)
નથી ખમાતું બાળથી ધરો ઉર લાગું પાય—પડે

૪૪

મુજ પ્રાણ ન આવ્યા આવાર
હું પડી ગઈ નિરાધાર—મુજ
આભુષાણ મુજ લાગે અકારાં, શ્રંગાર લાગે હાય
અન જળ ભાવે નહી લગાર, સંકટ અપાર, મેળવ ફિરતાર
દર્શન આપો પ્રાણ મા'રા મદેશ કરો શું વિચાર

સુખ ભોગવ્યાં અપાર, વસો પ્રાણાધાર ન થાય વિસ્તાર-મુજ

૪૫

વસો કુંદનપુરીમાં મુજ પ્યારી
લીખિતંગ કનકાવતીથી તુજ આભારી—વસો.
વિયોગ સાલેછે મુને પ્યારી,
રાત્ર દિવસ મુને લાગે ઘાકારી—વસો.
ફરયો છું અત્રે હું આનંદી પ્યારી,
વજીરપણું ભોગવુંછું હું પ્યારી—વસો

૪૬

પ્રાણનાથ પ્રાણનાથ ત્યાં જઈ વસો
આ નિરાધાર પ્યારીની ખબર કાંઈ લેશો—પ્રાણ
શુભ હસ્ત પત્ર આપનો તે આવ્યો અહીં,
વાંચી હર્ષ પામી હું વજીર બન્યાછો સહી—પ્રાણ.
મુજ સખી આનંદીને કહેજો ઘણા પ્રણામ
શાંત પાડો આ દુઃખીને આવી મળો આ ધામ—પ્રાણ

૪૭

અલ્યા લુચ્ચા તું હાર પચાવી ગયો
પચાવી ગયો તું પચાવી ગયો—અલ્યા
નાજી, નાજી એ હાર મા'રોછે
ચુપ લુચ્ચા ચોર તું—હાર.
સાગે સાચું બોલની ઉઠે મુજને ઝાળ
સિપાઈઓ બોલાવીને કરીશ બુરા હાલ
નાજી, નાજી એ હાર મા'રોછે
ચુપ લુચ્ચા ચોરતું—હાર.
સિપાઇઓ તમે કયાં ગયા જલ્દી અહીં આવો
આ ચોર દગાખોરને મુસ્કી ટાઇટ બાંધો
મહારાજ ગુન્હો ક્ષમા કરો, કહુંછું સાચી વાત

હાર તે મારો નથી ખાઇ તગો ખરેખાતં
સાચે સાચી મેં હકીકત કહી
તુજને શિક્ષા દઉં--હાર.

૪૮

પિતા સાંભળો મારૂં વચન—કાયર પણું શીદ દેખાડો
ક્ષમા કરો આપ તણોછું હું તન—કાગર પણું શીદ દેખાડો
શાને કાયરથી ડરી જાઓ- " " "
શાને શિચળ શરણે થાઓ- " " "
જઇ કરૂં ક્રુર સાથે સંગ્રામ- " "
આજ્ઞા આપો જઇ કરી નાખું કામ- " " "

૪૯

કુંવરજી જાઓ ના તમે મારૂં નીલ ના સ્થીર રહે
ઉમર નથી પુખ્ત તમારી, વિઘ્નોમાં કોણ સહાય કરે
લાંબો પંથછે કુંદનપુરી દીન તમારા કેમ વહે
નગ્રમાં આવે આફ્રત તો દુઃખ તમારૂં કોણ લહે
માનો નહીં, જાઓ સહી, આજ્ઞા આપુ હુ ખુશીથી.
જાઓ ઝટ, મુકો તક, રાખોના ફીકર જરી
બોલે બોલ, માગે કોલ, વાપરજો ત્યાં સુમતિ
કરજો કામ, રાખી હામ, રાખજો તમ મન અતી.

૫૦

જાઉંછું માહારાજ આજ્ઞા આપો પિતા આજ શિરતાજ
આ બાગ દુઃખી ન થાય, હાં હાં.
ઇશ્વર મેહેરબાન, નિર્બળ પેહેલવાન, તમ છાંયે બળવાન
મુકું નહીં હું ભાન, ક્ષત્રી પુત્ર મુકે નહીં જીવ જતાંહામ જાઉં જાઉં

૫૧

જો જોની સખી બાગ ખીલ્યો બહાર
પુષ્પ ખીલ્યાંછે આ સુંદર લાગે

કોયલ મેના કરેછે પુકાર—જો
સ્વર મારાં લગાગે પ્યારાં મધુરાં લાગે આપણ કાન
ફળ ફળાદિ જોઉં નિહાળી ભુલી જાઉં સર્વે ભાન
પક્ષી બેઠાં જોડલાં દીઠાં એવો બેડો કયારે પાર
ભાગ્ય હોય, એજે જાય અબળા નાર—જો

પર

ગાઓ પ્રેમ ચાલોની ઉલ્લાસમાં, સખીઓ મારી-ગાઓ
ફરી ફરી અવસર કો કદી ન આવેરે—ગાઓ
આપો તાળ લઈ ઢાળ ન ચુકશો જરા તમે
ન ભુલશો કડી જે બેલીએ હમે—સખી.
નારીને મન ભાવતા મળે ન દુનિઆમાં સુખ
જીંદગી સુધી તે રહે દુઃખ દુઃખ દુઃખ—સખી.
વાંઝણી રહે તો પછી શું સ્ત્રી અવતાર સાર
સુકનથી થાય અવળું કાજ કાજ કાજ સખી.
ઈશ કૃપાથી પામીએ જો થાય આપણને પુત્ર
નીકળેજો હોયને કપુત, કપુત કપુત—સખી.

પ૩

કરે કરે શું ચીંતા ભારી, ન કર તું આંગ લાચારી
તારૂં નુર ગયું કેમ ઉડી, દુઃખ સાગરમાં કેમ બુડી
શું શું થયો ઉત્પાત કહેની વાત, કેમ ની અકારી—ન કર

પ૪

થાય થાય ચિંતા શું કરીએ, નવ દીઠો ભેદ જરાએ
બેની દિવસ કેમાં જાશે, સંસાર તણું સુખ થાશે
કર કર કાંઈ વિચાર, મન લગાર, સુખોમાં રહીએ—નવ.

પપ

સુન બેની મારી, કામછે ભારી, ન થાઓ દુઃખીઆરી
નથી આપણુ હાથ
દુઃખી ન થાઓ દિલ લિખે જે થવાનું તે થાય

નસીબમાં જે લખ્યું હોય કેમ ફીટી જાય
તું કર વિચારી, બેની પ્યારી, વિનંતી મા'રી, ન છોડી
મનની હામ.
માબાપનું ધાર્યું થશે તું બચ્ચીત જાણજે મન
નથી થાવાનું ધાર્યું તુજ ખાખ કરી નાંખે તન
ન થાઓ લાચારા, સત્ય રહો ધારી, સાહેબોરારો કરશે ધાર્યું કાજ

૫૬

ઠુઠોની પ્રાણનાથ કરો ના દીલ ઘાવ દયા કાંઇ દીલ
લાવ દાસી હાથ સાવ.
સંકટમાંથી તારી, લ્યોની તમે ઉગારી, સ્વીકારો અર્જ મારી
ન કરો મન અકારી
પ્યારા, મારા, ધરશો, કરશો, નારી, પ્યારી, શુરવંતા, બળવંતા
ગુણવંતા, ભાગ્યવંતા હાં હાં હાં હાં.

૫૭

પ્યારા ઉઠો આ સમે કેમ સુતાછો નિરાશ,
કર ઝાલો દાસી તણો. ધરી ઉમંગ ઉલ્લાસ,
નિદ્રાથી આપ મુકત થાઓ. દાસી ઉભી તમપાસ,
કરજોડી હું અર્જ કરૂં પુર્ણ કરોની આશ,
અરે મુજ પ્રાણ જુઓની સામું મારા,
સ્વામી આપ થાઓ, માની ઉઠી જાઓ.
હું અબળા નારી કર ગ્રહો સંસાર સુખ આપો. — અરે
આ પક્ષી જોડલાં ભોગવે અપાર રંગ વિલાસ,
તે જોઇ ભડકે બળું હાય કયારે પામુ વાસ.
મુજ ગુન્હો ક્ષમા કરી જાગ્રત થાઓની આસમે.
ભોગવો જે મન ગમે તે રાખો ના જુદાઇ તમે.—અરે

૫૮

પ્યારા પ્યારીથી ના રહો ન્યારા,

સાવધ થઇ તમે પ્રિત કરોની, કામ મારે ઉછાળા—પ્યારા.
હઠ તમારી મુકી દ્યોની માનો પ્રિતમ મતીઆ.
મન સાથે હું પરણી ચુકી, શું ચાલે પ્રાણાધારા. —પ્યારા.

૫૯

ઓ ઇશ મુજ પર તેં આ શું કર્યું.
સીધું ન થયું કામ અવળું કીધું.
દુષ્ટ દુરાચારી સમજ્યો નહીં,
કુંવરી ભિખા નિચ સાથે ગઇ,
ટુકડા કરૂં એના શાંતી તો થાય.
કરૂં ન જરા શોક પુત્રી રંડાય.
ભીખારી જમાઈ મારો થાવા ન દઉં
ઠરી ન બેસું જ્યાં સુધી જીવ લઉં.

૬૦

એ શું બોલોછો સાસુજી હું છું તમારૂં બાળ.
કઠોર વચન ના કહો ઉઠેછે મુને ઝાળ — એ શું,
પુછ્યાં કુશળ સમાચાર, ત્યારે આપ કહો તાબેદાર, લાવોના દીલ કુવિચાર.
કરડી નજર રાખોના ગુજારતો ઘણો કાળ — એ શું.
છે તમ તણો આધાર, ઉગારો કરો ઠાર, સુખ દુઃખ કરો અપાર
હુકમ જે કરો મુને ઉડાવશે આ બાળ —એ શું.

૬૧

લુચ્ચા તમો મારી નહીં આવ્યા, કહોની કેમ નહી ફાવ્યા
કુંવર જીવતો મુકી આંગળી કો'ની લઈ આવ્યા,
પ્રથમથી કહ્યું ના શામાટે, કહી સોંપત નહીં તમ હાથે,
જાતે મેહેનત લઇ કરી કોઇ પ્રકારે જીવ લેતે.
ખરૂં બોલીદાની આવાર, ખોટી ન થાઓ એક પળવાર,
ઘરબાર લુટી મારી નાંખુ પોંહોંચાડું જમને દ્વાર.

૬૨

અરે છેઠ છાએબ માફ કરો હમને.
જીવતો કુંવરને મુકયો દયાથી,
(આંગળી) સઠી આપી તમને, — અરે.
માબાપ ફરીથી હુકમ કરોની,
(તેનું) માથું લાવીએ કાપીને — અરે,

૬૩

બે'ની પરણી ભારે થઇ, લાગે લાય, જીવમાંહે,
વિચાર લગાર, આવાર જુવાની મારી વહી, —બેની
પિતાજી મારે માટે વિચાર કરે નહીં, કહે બે'ની શું કરવું હવે
કર કર કર રહેમ લાવ મુજપર, બતાવની કોઈ વર, દયા,
કાંઇ દીલ ધર — બે'ની,

૬૪

રાખોના અંતર તમે, મારા સમ, — રાખો.
મુજપર રાખો પુર્ણ ભરોસો,
કાઢો વાકય ના ગમે.
જા જા જા — રાખો,
પ્રિય બે'ની કો દિવસ, કાઢયાં નથી વેણ,
આજે આવું કેમ કહો રાતા રાખી નેન — રાખો
આહા બેની એ દિવસ મારો કયારે આવશે,
સુખ દુઃખ વાતો કહું તુને,
જા જા જા — રાખો.
પ્રિય પતિને કહયું સાથે રાખવા તુને,
શું વદોછો આસમે,
ના ના ના — રાખો,
સંતોષ મન કરવા કરો એ નહીં તમારી રીત.
સંસાર વાસ કરશો તમો જાશો તોડી પ્રીત,

૯૫

મુજ માતુ સ્વીકારો અર્જ રહેમ ઉર ધરજો,
રાખો અમી દ્રષ્ટી સંકટે માંહે સદા કરજો,
સંકટ જો આવે અમ ઉપર વિચાર ન કરતાં હરજો
હાલ સ્થિતી ગુજરે જેવી તે પ્રમાણે કરજો.
મુજ સખીનું કાજ, લઇએ તેની દાઝ,
અર્જ કરૂંછે કર ગ્રહીને પુર્ણ કરોની આશ,
રહીએ એક ઘર માંહે લઇએ લા'વો ત્યાંહે
હરશું ફરશું સાથે મળીને રહીશું માણો છાંય,

૯૬

ઓ દેવી, આવી દ્વાર, આનંદ અપાર, પુજન કારણ આ-
આવી આ ઠામ,
મન આશા તું પુરણ કર, ગુજારૂં વિનતી ઉરતું ધર —ઓદેવી
શ્રીફળ, કુમ કુમ, તુળસી નૈવેદ, અત્તર ચંદન. ધુપ, ફુલ, ફળ
પાન, ક્ષમા માગું બાકી જે હોય. સંકટ, સમય, સાહે, તું થઇ
કરજો સિધ્ધ ન આધાર કોય, — ઓદેવી.

૯૭

સૌ જગમા માનવ સ્વાર્થ જાણે, પોત પોતાનું ભલું જાણે
બુરૂં ભલું થાયછે તે નવ જાણે, પેટ પોતાનું ભરી જાણે
પૈસા હોય આપણ પાસે ત્યાં સુધી તે મિત્ર થઈ રહે
ફાલી ફાલી સર્વે ખાએ, પીઠ પાછળ બુરૂં સદા ગાએ
સ્વાર્થ સાંધ્યો તુર્ત હટી જાએ, બુરૂં થાજો એવાં મિત્ર સદાય

૯૮

ઓ દુષ્ટ મુકત વાત તું કરતો નહીં
મારૂં ચાલશે તે હું કરીશ આ ઘડી
દુઃખ દીધું બહુ, મન ન લહયું
માતુ પિતા કેદ કરી નગ્ન મુજ લીધું

શું હતો નાદાન કે કીધું ભુલી ભાન
નામ ધર્યું કુરસીંહ રાજા પણ મુજ મન તુ હેવાન
શું જુઓ બુધ્ધિભાઇ, લઇ લ્યો નગ્રની માંહી
કરવું ઘટશે જે પિતાને કરશું આપણ ત્યાંહી.

૬૯

શો જશ પામ્યા ઇશ કૃપાથી, રાજા ધારાપુર તણા રાખી લજ્જા
તે ગુણીયલ ઘણા નેક કર્યો ખરેખરો સુરાજન વાહ
તુટયાં દુઃખ છુટયાં આજ અરીથી
જય થયો ખરો આજ ફરીથી.
અમ મદન ગુણનીધાન, ચતુર સુરભારી, શુભ સુખમાનો,
અનુપશો.
સુખકર, શુભકર, મતીધર, ગુણકર, જય જય પ્રિયકર ધન ધન
વાહ સુર, નૃપસુર, ખરે ખરે અરી કન્યા વર્યો ખરે શુર
તને, શુભમને તન ધને—શો.

૭૦

રે કિર્ત્તી તમ સર્વે ઠામે
આવે વિઘ્નો દુર થાય
મોટા રાય શરણે થાય,
પ્રજા રાખો સર્વે છાંય—રે
શો ઉત્સવનો છે દિન આજે ઉમંગ અંગ અપાર
કરજો હમારી વાર—રે

સમાપ્ત